**એ.પી.પી.શ્રીની અરજી મુજબ આંક–૧ લગત હુકમ :–** **ક્રિ.કેસ નં.૧૯૩/૦૭**

**વિ.એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તા.૪–૭–૧૯ નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/ મેટ્રોકોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટકેસ પરત ૧/૨૦૧૯ થી આવેલ પત્ર ને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદે આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેશમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેશ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેશ નજીવી સજાને પાત્ર ગુનાનો કેશ છે અને આરોપીને શોધવા પ્રયાસ કવો સમય, શકિત અને નાણાંના વ્યવ સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેશમાં પૂરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેશો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેશોનું ભારણ ઓછું થાય તે માટે જાહેરહિતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેશ પરત ખેંચવા સંમતી આપી આ કેશ વીડ્રોઅલથી ફૈંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરું છું.**

**– ૦ હુકમ ૦ –**

**આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેશ પરત ખેંચવા સંમતી આપી આ કેશ વીડ્રોઅલથી ફૈંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેશમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.**

**મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

**૧...મુદ્દામાલ દેશી/વિદેશી દારુનો અપીલ સમય પછી નાશ કરવો.**

**૨...મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.**

**૩...પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ના હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર્ડ ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવું.**

**૪...બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.**

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

**અમદાવાદ.**
**તા.૧૪–૯–૨૦૧૯**

**(એ.એચ.મુન્દ્રા)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૪,અમદાવાદ.**
**GJ-01010**